**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN(o): 2581-6241
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 6.831
Volume - 7, Issue - 06, June - 2024

DOIs:10.2018/SS/202406002 --:-- Research Paper / Article / Review

# ટેલિવિઝનની કૌટુંબિક જીવન ઉપર થતી અસર

**ડૉ. પરવીનબેન એફ. મનસૂરી**
આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સી.બી. પટેલ આર્ટસ કોલેજ, નડિયાદ, ભારત
Email - Pari13587@gmail.com

**સારાંશ:** આ લેખમાં ટેલિવિઝનના કૌટુંબિક જીવન પર પડતી અસરોનું વાંઢણીય રીતે વિશ્લેષિત કરવામાં આવ્યું છે. ટેલિવિઝન, જે અત્યંત લોકપ્રિય મનોરંજનનું માધ્યમ છે, તે બાળકો, યુવાનો અને વૃદ્ધો સહીત સૌના જીવન પર વિસતૃત અસર પાડે છે. લેખમાં વિસ્તૃત રીતે ચર્ચા કરવામાં આવી છે કે કેવી રીતે ટેલિવિઝન કૌટુંબિક સંબંધો, પતિ-પત્નીના સંબંધો, સામાજિકીકરણની પ્રક્રિયા, કુટુંબના મૂલ્યો અને ધોરણો, તેમજ યુવાનોમાં આક્રમકતા અને વૈભવી જીવનશૈલી જેવી બાબતો પર પ્રભાવ પાડે છે. લેખમાં જણાવ્યું છે કે ટેલિવિઝનને જો યોગ્ય પ્રમાણમાં અને વિચારપૂર્વક ઉપયોગમાં લેવામાં આવે તો તે જ્ઞાન અને મનોરંજનનું ઉત્તમ સાધન બની શકે છે. આથી ટેલિવિઝનના સકારાત્મક અને નકારાત્મક બન્ને પાસાઓને ધ્યાને રાખીને તેનો ઉપયોગ કરવો જરૂરી છે.

**સૂચક શબ્દ:** ટેલિવિઝન, કૌટુંબિક જીવન, મનોરંજન, સામાજિકીકરણ, પતિ-પત્નિ સંબંધો, કુટુંબના મૂલ્યો, નકારાત્મક પ્રભાવ, સકારાત્મક પ્રભાવ, શૈક્ષણિક અસર.

**1. પ્રસ્તાવના:**

ટેલિ એટલે દૂર અને વિઝન એટલે દર્શન. એના પરથી દૂરનું દર્શન કરાવતા સાધાનનું નામ પડ્યું ટેલિવિઝિન. આપણી ભાષામાં `દૂરદર્શન' આ ટેલિવિઝનનું પ્રચલિત ટૂકુ રૂપ છે `ટીવી'. માનવના રોજિંદા જીવન સાથે વણાઇ ગયેલુ ટેલિવિઝન એ વીસમી સદીની એક અનોખી દેન અને શોધ છે જેણે માનવજીવન માં પરિવર્તન લાવવામાં અસરકારક રીતે ભાગ ભજવ્યો છે ટેલિવિઝનની શોધ એક સ્કોટિશ એન્જિનીયર જોન લાગી બેયર્ડ વર્ષ 1924 માં કરી હતી. ત્યાર બાદ વર્ષ 1927 માં ફિલો ફાર્ન્સવર્થે દુનિયાના પ્રથમ વર્કિંગ ટેલિવિઝન બનાવ્યુ. 1 સપ્ટેમ્બર 1928 માં તેને પ્રેસ સામે રજૂ કરવામાં આવ્યુ હતુ. કલર ટેલિવિઝનની શોધ પણ જોન લોગી બેયર્ડ વર્ષ 1928 માં કરી હતી. ભારતમાં પ્રથમ પ્રાયોગિક ટી.વી. કેન્દ્રનું ઉદ્ઘાટન 15-9-1959 માં દેશના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પસાદના હસ્તે થયું હતું. શરૂઆતમાં બ્લેક એન્ડ વ્હાઇટ ટીવી શરૂ થયા પછી તેમાં અનેક પ્રકારના સુધારાવાધારા થતાં આજે જાતજાતનાં નાના મોટા રંગીન ટેલિવિઝન અસ્તિત્વમાં આવ્યા છે.

ટીવી મનોરંજનનું શ્રેષ્ઠ અને સસ્તું સાધન સાબિત થયુ છે ટીવીના કારણે વ્યક્તિ ઘરે બેઠા-બેઠા દેશ-વિદેશના સમાચાર, ભૌગોલિક પરિસ્થિતિ, અવનવી શોધો અંગેની જાણકારી, ફિલ્મ, સંગીત, નૃત્ય અલગ અલગ રમત વગેરેનો આસ્વાદ માણી શકે છે.

ટેલિવિઝન એક એવું સમૂહ માધ્યમનું સાધન છે કે જેણે મુદ્રણ- માધ્યમ, ચલચિત્ર અને રેડિયો જેવા માધ્યમોની સાપેક્ષમાં માનવજાત ઉપર કંઇક વિશેષ અસર ઉપજાવી છે. આજના સમાજ, સંસ્કૃતિ, સાહિત્ય, લોકરુચિ અને જનજીવન વગેરે પર ટેલિવિઝનનો પ્રભાવ જોવા મળે છે. ટેલિવિઝનની શોધ બાદ તેના સંપૂર્ણ વિકાસ થતાં તેમજ સંચાર ઉપગ્રહના સંયોજના

બાદ તેનો પ્રભાવ બહુ વિશાળ પાયા પર થતો ગયો આથી આધુનિક સમયમાં ટેલિવિઝનના સર્વવ્યાપી પ્રભાવની પીટર ગોલ્ડિંગ ``એટમબોમ્બ" સાથે તુલના કરે છે.

ટેલિવિઝનની અસરો આજે નાના બાળકોથી લઇ યુવાનો, વૃદ્ધો, સ્ત્રી-પુરુષ બધાને થઇ છે ટેલિવિઝન જયા માનવજીવનમાં પરિવર્તન લાવવા માટે ફાયદારૂપ સાબિત થયુ છે. ત્યા તે માનવ માટે હાનિકારક પણ સાબિત થયું છે. ખાસ કરીને ટીવીના કારણે આજે કૌટુંબિક સંબધો અને કૌટુંબિક જીવન ઉપર અસર થઇ છે. ટીવીના કારણે આજે પતિ-પત્નીના સંબંધો, માતા-પિતા અને સંતાનોના સંબંધોમાં બદલાવ જોવા મળી રહ્યો છે. અહિ ટેલિવિઝન કૌટુંબિક જીવન ઉપર કેવી અસરો થાય છે તેની ચર્ચા કરીશું.

**2. ટેલિવિઝનની કૌટુંબિક જીવન ઉપર થતી અસરો :**

- **કૌટુંબિક સંબંધો પર અસર:**

દરેક કુટુંબ માટે જરૂરી છે કે તેના કુટુંબના સભ્યો વચ્ચે પ્રેમભાવની લાગણી હોય પ્રેમ ભાવની લાગણી દ્વારા કુટુંબના સભ્યો પરસ્પર જોડાયેલા રહે છે પ્રાચીન સમયથી જ ભારતીય સમાજમાં સંયુક્ત કુટુંબમાં પ્રેમ અને સહકારની ભાવના જોવા મળતી હતી. પરંતુ વર્તમાન સમયમાં સંયુક્ત કુટુંબની જગ્યાએ વિભકત કુટુંબનું પ્રમાણ વધી રહ્યુ છે અને સમયાંતરે કૌટુંબિક સંબંધોમાં અનેક પરિવર્તનો આવ્યા છે જેની પાછળ જવાબદાર અનેક કારણમાં ટેલિવિઝન પણ મહત્વનું કારણ બની રહ્યું છે. વર્તમાન સમયની વિવિધ પોપ્યુલર મનોરંજનની ચેનલોમાં બતાવાતી ધારાવાહીકોમાં કુટુંબના સભ્યો વચ્ચે છળ-કપટ યુક્ત સંબંધો બતાવવામાં આવે છે.

વિવિધ, યુક્તિ- પ્રયુક્તિઓ શીખવે છે ટેલિવિઝનના લીધે મેગાસીટીના કુટુંબોમાં જોવા મળતા લાગણી વિહીન સંબંધો ગ્રામીણ સમાજના કુટુંબોમાં ઝડપથી ફેલાય છે. જે ભારતીય લોકો કુટુંબના હિતોને પ્રધાન્ય આપતા એજ લોકો આજે વ્યક્તિગત હિતોને પ્રથમ સ્થાન આપી કૌટુંબિક હિતોને ગૌણ સ્થાન આપે છે. આમ, કૌટુંબિક સંબંધો ટેલિવિઝનના માધ્યમથી પ્રભાવી બન્યા છે.

- **પતિ-પત્નીના સંબંધો ઉપર અસરો:**

ટેલિવિઝનની એક અસર એ થઇ છે કે તે તમારા પૂરો સમય ખાઇ જાય છે. TV માં ઘેલો થયેલો વ્યક્તિ પોતાના કુટુંબના વ્યક્તિ સાથે વાત-ચીત કરવા કરતા TV માં વધારે ઓતપ્રોત રહે છે. ઘણી વખત તો સ્ત્રીઓને TV સીરયલની એવી આદત પડી હોય છે કે સીરયલ ચાલતી હોય ત્યારે તે દરેક કામને ટાળે છે પતિ અને બાળકો ભૂખ્યા હોય તો પણ તેમને સીરયલની અનુકૂળતા પ્રમાણે જમવાનું મળે છે તો ઘણી વાર પતિને TV જોવાની એવી આદત હોય છે તે પત્ની અને બાળકો માટે ટાઇમ કાઠી શકતો નથી. ઘણીવાર ફિલ્મો, સીરયલમાં બતાવવામાં આવતો પ્રેમ, રોમાંસ હરવા- ફરવાની વધુ પડતી અપેક્ષાઓ પોતાના પાત્ર પૂરો કરી શકતો નથી તો પણ ઝડઘાનું પ્રમાણ વધે છે. TV માં બતાવવામાં આવતી વસ્તુ કાલ્પનીક હોય છે.જે વાસ્તવિક જીવનમાં ઘણી વખત શકય હોતી નથી પરંતુ TV ના કારણે આજની નવી પેઢીમાં વધુ પડતી અપેક્ષાઓ વધી છે જેના કારણે પણ તેમના સંબંધો ઉપર અસર થઇ છે.

- **સામાજીકરણની પ્રક્રિયા અને બાળકોના જીવન ઉપર અસરઃ**

નવજાત માનવજાતને સામાજિક માનવી બનાવવાની પ્રક્રિયા એટલે સામાજીકરણ. સામાજીકરણ દ્વારા બાળકને માનવબાળ જે શરૂઆતમાં જૈવિક સ્વરૂપ ધરાવે છે તેને સામાજીક બનાવવામાં આવે છે કુટુંબ, પડોશજૂથ, મિત્રજૂથ, શાળા વગેરે સામાજીકરણ કરતી એજન્સીઓ છે કુટુંબ એક એવુ માધ્યમ છે જે બાળકના સંપર્કમાં વધુ રહે છે અને તેને જીવનના પાઠ શીખવે છે. પરંતુ ટેલિવિઝનની અસર અહી બાળકો અને બાળકોના સામાજીકરણની પ્રકિયા ઉપર જોવા મળે છે આજે ઘણીવાર જોવા

**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN(o): 2581-6241
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 6.831
Volume - 7, Issue - 06, June - 2024

મળે છે બાળકો નાના હોય ત્યારે તે રડતા અટકે કે તેમની માતાને કામ કરવા દે તે માટે નાનપણથી જ તેમને TV ની આદત પાડી દેવામાં આવે છે તેની અસર એ થાય છે પછી જ્યારે એમનો શાળાએ જવાનો ટાઇમ આવે છે ત્યારે તેમને ભણવાની જગ્યાએ TV જોવુ વધારે પસંદ હોય છે. TV, ફિલ્મ સીરયલો માથી બાળકો ઘણી વાર વધુ પડતી માગણી, વડિલોની સામે બોલવુ, મોઘી ચીજ-વસ્તુનો ઉપયોગ, નવી-નવી ફરમાઇશો પોતાના માતા-પિતા જોડે કરે છે ઘણી વખત માતા- પિતા પણ TV માં બતાવવામાં આવતી કાલ્પનિક બાળતો ઉપરની અસર હેઠળ બાળકો પાસે વધુ પડતી અપેક્ષાઓ રાખે છે TV માં બતાવવામાં આવતી લડાઇ - ઝઘડા આત્મહત્યા, ખોટા ખર્ચા બધાની અસર બાળકો અને એમના સામાજીકરણ માં થઇ છે. TV ના કારણે આજે સારી અસર એ જોવા મળે છે માતા-પિતા પોતાના બાળકોનો ઉછેર એ સ્ત્રી બાળક હોય કે પુરુષ બાળક કોઇપણ ભેદભાવ વિના તેનું સામાજીકરણ કરે છે.

- **કુટુંબ પ્રત્યેના મૂલ્યો પર અસર:**

મૂલ્યો એ સામાજીકરણની પ્રક્રિયા દરમિયાન બાળકને શીખવેલા આદર્શો છે જે તેને વિવિધ પરિસ્થિતિ સામેની પ્રતિક્રિયામાં વર્તન સ્વરૂપે બહાર આવે છે આ મૂલ્યો લોકોની ગેરહાજરીમાં પણ પોતાના વર્તનને દિશા આપે છે ભારતીય સમાજમાં પ્રારંભથી જ કુટુંબને મહત્વના એકમ તરીકે દર્શાવવામાં આવ્યુ છે કુટુંબને (ઘરને) ધરતીના છેડા.... તરીકે ઓળખવામાં આવે છે.

આજે મોટાભાગના શહેરી સમુદાયોમાં યુવા પેઢી પોતાના કુટુંબથી દૂર એકલા રહી જીવન ગાળવાનું પસંદ કરે છે. સંયુક્ત અને સહકારની ભાવનાની જગ્યાએ વ્યક્તિગત અને સ્વાર્થ ભાવના વધુ વિકસતી જાય છે. સંયુક્ત કુટુંબમાંથી વિભકત કુટુંબ અને વિભકત બાદ Live in Relationship જેવા ખ્યાતો ટેલિવિઝન દ્વારા મળેલી પશ્ચિમી સમાજની દેણગી છે.

ટેલિવિઝનથી જ્ઞાન અને જાગૃતતામાં વધારો થયો છે એ માનવુ રહ્યુ પરંતુ સાથે સાથે આજના માનવી મૂલ્યો ટેલિવિઝનના કારણો બદલાયા છે તે વ્યકિતવાદી અને સ્વતંત્રતા વધુ મહત્વ આપતો થયો છે.

- **કૌટુંબિક નિયંત્રણ અને તેના સ્વરૂપ પર અસર:**

નિયંત્રણ એ કોઇપણ વ્યવસ્થાના અસ્તિત્વ અને સાતત્ય માટે જરૂરી છે આપણા ભારતીય સમાજમાં કુટુંબ જ તેના સભ્યો ઉપર નિયંત્રણ બનાવી રાખતી જેના કારણે આંખની શરમ, વડીલોની આજ્ઞા, જેવી બાબતો બાળકોમાં જોવા મળતી પરંતુ ટેલિવિઝનના કારણે આજના માણસમાં આંખની શરમ રહી નથી નાના કપડા પેહરવા, Girl Friend, Boy Friend, લગ્નેત્તર સંબંધો, એક-બીજાને છેતરવા, જૂઠું બોલવુ એ બધુ સામાન્ય બની ગયુ છે જે ટેલિવિઝનની અસર છે એવુ કહીએ તો અતિશયોક્તિ નથી. આજની યુવાન પેઢી વડિલોની વાત માનવી તો દૂરની વાત છે. તેમનું સાંભળવા પણ તૈયાર નથી. TV માં બતાવમાં આવતી આધુનિકાતાની અસર હેઠળ ઘણા બાળકો આજે સ્વછંદી જાય છે.

- **કુટુંબના ધોરણો પર અસર:**

આજે ટેલિવિઝન જ્યારે મનોરંજન માટેનું પ્રભાવી સાધન બન્યું છે ત્યારે ખાસ કરીને બાળકો પોતાના પરિવાર સભ્યોની સાથે ઓછો અને ટેલિવિઝન સાથે વધુ સમય વિતાવે છે. ઉપરાંત વૈયક્તિક જીવન સ્વાતંત્ર્યની વિચારસરણીને પોષતા કાર્યક્રમોના લીધે કુટુંબના ધોરણો બાળક પર જરૂરી પ્રતિબંધ મૂકવામાં ઉણો ઉતરે છે. પરિણામે ધોરણભંગની પરિસ્થિતિ નિર્માણ થાય છે.

વિવિધ સિરયલ, ફિલ્મો અલગ અલગ દશ્યો, આક્રમકતા, વ્યક્તિગત છૂટછાડ બતાવવામાં આવે છે જેને અસરો ખાસ કરીને બાળકો, યુવાન વર્ગ ઉપર જોવા મળી રહી છે. ટેલિવિઝનમાં બતાવવામાં આવતી કાલ્પનિક બાબતોને લોકો વાસ્તવિક માની ને એ પ્રમાણે જીવન જીવવાની ઇચ્છા સેવે છે. આમ ટેલિવિઝનનો ઊંડો પ્રભાવ લોકો ઉપર થતો જોવા મળે મળે છે.

**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** **ISSN(o): 2581-6241**
**Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal** **Impact Factor: 6.831**
**Volume - 7, Issue - 06, June - 2024**

- **જાતીયતા અને આક્રમકતા પર અસર:**

વર્તમાન ફિલોમાં જોયે તો એમાં આક્રમકતા, વૈભવીજીવન, લવસ્ટોરી, એકશન મુવી, સેકસી કોમેડી વગેરેનો સમાવેશ થાય છે એમાય પરિવાર સાથે બેસેની જોઇ શકે એવી ફિલ્મોનું પ્રમાણ ખૂબ ઓછુ છે. ફિલ્મો બતાવામાં આવતી બાબતો કાલ્પનિક હોવા છતાં આજનો માનવ ફિલ્મો જેવું જીવન ઇચ્છે છે. જેના કારણે આજની યુવાન પેઢી અને બાળકોમાં પણ વધુ આકમકતા, વૈભવી જીવન વધુ મહત્વ, જાતીય વૃત્તિયને વધુ મહત્વ આપે છે. એને એની વિપરિત અસરો બાળકો અને યુવાધન પર પડે છે.

- **કુટુંબના રચનાતંત્ર પર અસર:**

સમાજના રચનાતંત્રની જેમ કુટુંબ પણ આવા રચનાતંત્ર આધારે ટકી રહ્યુ છે અને વિકસી રહ્યુ છે જેમા જૂથ- ઉપજૂથો, દરજ્જો-ભૂમિકા, સામાજીક ધોરણો, મૂલ્યો, ધ્યેયો જેવા પાસાઓનો સમાવેશ થાય છે. આ બધા પાસા યોગ્ય રીતે કાર્યશીલ હોય તો જ રચનાતંત્ર ટકી રહે છે.

પરંતુ આજે વ્યક્તિવાદી જીવનશૈલી, સ્વતંત્રતા જેવી મૂલ્યોના કારણે વ્યક્તિ એકાંત અને એકલવાયો રહેવાનું વધારે પસંદ કરે છે જેના માટે આપણે અનેક પરિબળોમાં ટેલિવિઝનને જવાબદાર કારણ ગણી શકીએ છીએ.

**3. ઉપસંહાર:**

આજના સમયમાં ટેલિવિઝન એક મનોરંજનનું એવુ સાધન છે જે આપણા દરેકના ઘરમાં જોવા મળે છે. TV એ ઘરનું એક સભ્ય બની ગયું છે. ઘણી વખત તો ઘરનું કોઇ સભ્ય ન હોય તો ચાલે પણ ટેલિવિઝન વગર ઘર અને ઘરના સભ્યો સૂના પડી જાય છે. ઘરનું ટીવી બગડે તો જાણે ઘરના બધા સભ્યો બિમાર બની જાય છે. આમ TV વગર આજનો માનવી એક દિવસ ચલાવી શકતો નથી. કોઇ પણ શોધ એ માનવ સમાજના હિત માટે થયેલ હોય છે પરંતુ તે માનવ સમાજ માટે લાભકારી બને છે કે હાનીકારક એ માણસના ઉપયોગ ઉપર રહેલ છે. કહેવાનો અર્થ છે કોઇ પણ વસ્તુનો વધુ અતિરેક ઘાતક નિવડે છે. TV નો વધુ પડતો ઉપયોગ કૌટુંબિક સંબધો, બાળકના અભ્યાસ વગેરે ઉપર હાનિકરક સાબિત થઇ શકે છે માટે આપણો તેમાથી સારી બાબતો શિખવી રહી અને મનોરંજન પૂરતો જ તેને ઉપયોગ કરવો જોઇએ. કુટુંબના સભ્યો નકકી કરવુ જોઇએ કે TV માંથી અમારે શુ સારુ શીખવાનું છે, કેટલા સમય જોવુ, શુ જોવુ, ક્યારે જોવુ તો જ ટેલિવિઝન આપણા માટે જ્ઞાનનો ખજાનો બની રહેશે.

**સંદર્ભ પુસ્તકો:**

1. ડૉ. સંતોષ દેવકર(૨૦૧૪)- ટેલિવિઝનની અસરકારકતા, પારિવારીક સંબંધોનું ઉઠમણું.(pp-૨૫-૫૨)
2. દવે જે. કે.(૨૦૧૦) સમૂહ માધ્યમો(pp ૫૮-૬૩)
3. હસમુખ બારાડી(૨૦૦૫)- ટેલિવિઝન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય(pp ૬૨-૭૮)
4. સુમિત મોહન(૨૦૧૨)- મીડિયા લેખન(pp ૨૩-૩૦)
5. ડૉ. રમણીક ભટ્ટ()૨૦૧૦- સમૂહ પ્રત્યાયનું સમાજશાસ્ત્ર(pp ૩૦-૩૫)

Web. Reference
https://www.aksharnaad.com